वर्ष : ११ सने : २०१८ सं.२०७४
अंक : ६, સળંગ અંક -७९ आसो ओक्टोबर

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૧ સને ૨૦૧૮ સં.૨૦૭૪

અંક : ૯ ઓક્ટબર આસો/સળંગ અંક-૭૯



**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ ચારિત્રરત્ન પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

ફોન : (R) 26650626

(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ તૃપ્તિ - અતૃપ્તિ - ૩

★ મુનિભગવંતોની ઋદ્ધિ - ૩

★ માંસાહાર સર્વતઃ શ્રાપરૂપ

★ આ અંકની લઘુકથા

★ અનુમોદનાનો અમૃતથાળ


## આર્ષવાણી

**पंथसमा नत्थि जरा,**

**दारिद्रसमो न परिभवो ।**

**मरणसमं नत्थिभयं,**

**खुहासमा वेयणा नत्थि ।।**

મુસાફરી જેવી કોઈ વૃદ્ધાવસ્થા નથી. દરિદ્રતા જેવો કોઈ અન્ય પરાભવ નથી. મરણથી ચઢિયાતો કોઈ ભય નથી અને ભૂખ જેવી કોઈ વેદના (પીડા) નથી.

જેમ પ્રજ્વલિત અગ્નિ વિના ઠંડી દૂર ન થાય, તેમ ઇન્દ્રિયો પર વિજય મેળવ્યા વગર કષાયો પર વિજય શક્ય નથી.



## ★ તૃપ્તિ - અતૃપ્તિ - ૩ ★★★

**- પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજ**

જ્યાં લોભ આગળ આવે છે ત્યાં તૃપ્તિ દૂર ભાગે છે. સંતોષ આવે છે ત્યાં અતૃપ્તિ દૂર ભાગે છે. મતલબ એ થયો કે - લોભકષાયની હાજરી હશે ત્યાં સુધી અતૃપ્તિ જ રહેવાની. તૃપ્તિના માર્ગે જવા માટે સંતોષને લાવવો જરૂરી ગણાય. રોગ કાઢવો હોય તો દવા લેવી જ પડે. અતૃપ્તિ એ રોગ છે. સંતોષ એનું ઔષધ છે. દોષને નાબૂદ કર્યા વગર ગુણ પ્રગટ ન જ થાય. અતૃપ્તિ એ દોષ છે. એને દૂર કરો તો જ ગુણ (સંતોષ) પ્રગટ થશે. અંધકારને દૂર કરવા માટે જેમ પ્રકાશની જરૂર ગણાય, તેમ દોષને દૂર કરવા ગુણને લાવવો જરૂરી ગણાય છે. લોભ - અતૃપ્તિ એ આગ છે. સંતોષ એ આગને બૂઝવી નાખનાર પાણી છે.

લોભનો ખાડો એટલો ઊંડો છે કે ગમે તેટલું એમાં નાખો તે ક્યારેય પૂરાતો જ નથી. સંતોષ એવો પદાર્થ છે કે ગમે તેટલા ઊંડા લોભના ખાડાને કાચી સેકંડોમાં ભરી દે છે ! એમાં કોઈ પદાર્થ ખરીદવાની મહેનત, પૈસો કાંઈ જ લાગતું નથી !! ટ્રાન્સપોર્ટેશન કે યાંત્રિક સાધનોની કે મજૂરોની કોઈ જરૂર પડતી નથી. લોભ જેમ વિચાર સ્વરૂપ છે તેમ સંતોષ પણ વિચાર સ્વરૂપ જ છે. છતાં લોભની પૂર્તિ માટે ઘણાં પાપોનો સહારો લેવા પડે છે, ખર્ચ કરવો પડે છે, પરિશ્રમ ઉઠાવવો પડે છે. તે રીતે સંતોષ માટે કોઈ જ પરિશ્રમ કરવો પડતો નથી. ખર્ચ કરવાની આવશ્યકતા નથી, પાપ કરવાં પડતા નથી. માત્ર વિચાર સંપત્તિની જ જરૂર પડે છે. લોભ એ વિપત્તિ છે સંતોષ એ સંપત્તિ છે, લોભની ક્ષણ માટે કદાચ પૂર્તિ થાય તોય પાછળ ઘણી ઉપાધિઓ પ્રત્યક્ષ - પરોક્ષરીતે આવી જ જતી હોય છે.

જરૂરિયાત અને લોભ વચ્ચે મોટો ફરક છે. જરૂરિયાત પૂર્ણ થયા પછી જીવને વધુ મેળવવાની ઈચ્છા નથી જાગતી, લોભમાં ઈચ્છાઓનો અંત જ નથી. માટે જ તો ઉત્તરાધ્યયન સૂત્રમાં લખવું પડ્યું કે - ઈચ્છાઓ આકાશ જેવી અનંતી છે. લોહો સવ્વવિણાસણો - લોભ સર્વવિનાશક છે. જરૂરિયાત તો સાધુને અને છદ્મસ્થ અવસ્થામાં ભગવાનનેય હોય છે. તેને લોભ ન જ કહેવાય. લોભમાં તો સંગ્રહવૃત્તિ હોય છે.

જરૂરિયાત - આવશ્યકતાની પૂર્તિ માટે શ્રમણો ગોચરી - પાણી - વસતી - વસ્ત્ર - પાત્ર - આદિ ચીજો પ્રાપ્ત કરવા ફરે છે. ન મળે તો દીન નથી થતા... તેમ મળ્યા પછી વધારે ભેગું કરવા નથી સ્વીકારતા. વધુ આગ્રહ થાય તો પણ નથી લેતા ! ભવિષ્યમાટે સંગ્રહ કરવાની ભાવના નથી રાખતા. શ્રમણોને વસ્તુનો સ્વીકાર પણ સાધના માટે છે ને અસ્વીકાર પણ સાધના માટે છે ! સાધનાના લક્ષપૂર્વક

સંસારનો પરિત્યાગ કર્યા બાદ તે સાધનાની પુષ્ટિ માટે જ હંમેશા પ્રયત્નશીલ હોય છે. સાધના વેગવંતી કેમ બને તે માટે જ યોજના બદ્ધ રીતે આગળ વધતા હોય છે. સાધનાની પગદંડી ટકે જ સાવધાની પૂર્વક પગલાં માંડતા હોય છે. બેસાવધાનીનું પરિણામ તેઓ સારી રીતે જાણતા હોય છે. 'સાધના વગર સિદ્ધિ મળતી નથી' એ વાત તેઓના હૈયામાં કોતરાઈ ગઈ હોય છે, તેથી જ સાધના દરમિયાન સાધક શું અને બાધક શું તેના સતત જ્ઞાનોપયોગમાં જ આત્મા વર્તતો હોય છે. તત્ત્વાર્થ સૂત્રનું '**अभिक्ष्णं ज्ञानोपयोगः**' સૂત્ર સતત રટણમાં હોવાથી ઉપયોગ ચૂકતા નથી.

તૃપ્તિ ક્યારે થાય ? કોને થાય ? તેનો જવાબ આપતાં પૂ. મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મ. જ્ઞાનસારના દશમા તૃપ્તિ-અષ્ટકમાં જણાવે છે કે - 'પીત્વા જ્ઞાનામૃતં ભુક્ત્વા ક્રિયાસુરલતા ફલમ્; સામ્યતામ્બુલમાસાદ્ય, તૃપ્તિં યાતિ પરાં મુનિઃ' મતલબ, જે મુનિ જ્ઞાનામૃતનું પાન કરે છે. (જ્ઞાનરૂપ અમૃત પીવે છે) ક્રિયારૂપ કલ્પવેલડીનાં ફળને ખાય છે અને સામ્યભાવરૂપ (સમતારૂપ) તાંબુલ મુખવાસનો આસ્વાદ કરે છે તે મુનિવર ઉત્કૃષ્ટ - શ્રેષ્ઠ - ચરમ કક્ષાની તૃપ્તિ પામે છે ! અર્થાત્ દીર્ઘજીવી તૃપ્તિને પામવા માટે જ્ઞાન-સત્ક્રિયા અને સમતા સિવાય કોઈ માર્ગ - ઉપાય નથી. વિષયો તો માત્ર ક્ષણિક તૃપ્તિનો અહેસાસ કરાવશે. તે પણ દુઃખને - અૃપ્તિને થોડા સમય માટે દૂર કરવા સ્વરૂપ તૃપ્તિ જ હોય છે. પાછળ અતૃપ્તિ તો ડોકાયા જ કરતી હોય છે. આગળ વધીને એમ કહી શકાય કે... વિષયો તો અતૃપ્તિની આગમાં 'ઘી' હોમવાનું જ કામ કરે છે. અતૃપ્તિને વધારે જ જાય છે. વારંવાર એ વિષયોની ઈચ્છાને જગાડે છે, જન્મ આપે છે.

એક માત્ર શાંતરસના અનુભવથી જે તૃપ્તિ થાય છે, તે તૃપ્તિ ષટ્રસના ભોજ નથી પણ ક્યારેય થતી નથી ! ઈન્દ્રિયોના વિષયોમાં આત્માને તૃપ્તિ ક્યારેય ન જ થાય. શાંતરસના અનુભવની તૃપ્તિ અતુલ - અલૌકિક - અદ્ભુત હોય છે. એની તુલના કોઈપણ રસના અનુભવ સાથે થઈ શકતી નથી. તેથી જ તો તે એ શાંત - રસને તમામ રસના રાજા તરીકે વર્ણાવ્યો છે. નવ રસમાં સૌથી ચઢિયાતો - શ્રેષ્ઠ - અનુપમ રસ તો શાંતરસ જ છે. અવર્ણનીય આનંદની અનુભૂતિ આ શાંતરસથી જ થાય છે.

એ આનંદ અપૌદ્ગલિક છે. પૌદ્ગાલિક રસ માટે દુનિયાના પદાર્થોની જરૂર પડે છે. શાંતસુધારસ માટે કોઈ પદાર્થની આવશ્યકતા નથી. વળી, પૌદ્ગલિક પદાર્થોથી ક્યારેય તૃપ્તિ થતી જ નથી. જીવ અતૃપ્ત જ રહે છે. ખારા પાણીથી જેમ તૃષા ન છીપે....તૃપ્તિ ન થાય તેવી જ સ્થિતિદુન્યવી પદાર્થો સાથે ઈન્દ્રિયના સંબંધમાં થાય છે. એ સંયોગ - વિયોગની ઘટમાળ વધુ ને વધુ દુઃખદાયી પુરવાર થાય છે. અજ્ઞાન અને મોહ ભેગા થાય છે ત્યારે પુદ્ગલમાંથી આનંદ મળતો હોય તેવો



આભાસ થાય છે. એ માત્ર આભાસ છે, મિથ્યા છે. એના પાયામાં મિથ્યાત્વ બેઠેલું છે.

અજ્ઞાનીને હંમેશા અતૃપ્તિ જ હોય છે. અજ્ઞાની આત્માને વિષયોના ઝેરી ઓડકાર આવે છે તેને તે સ્વાદિષ્ટ માની લે છે. જ્ઞાની આત્માને તો અમૃતના ઓડકાર આવ્યા કરે છે. અમૃતમાં સ્વાભાવિક મીઠાશ હોય છે. એમાં વિકાર ક્યારેય હોતો નથી. ઝેર વિકાર સર્જે છે. અમૃત તો તૃપ્તિ કરાવનાર હોવાથી વિકારની ક્યારેય સંભાવના નથી હોતી. દૂધ વગેરે પદાર્થોમાં ફાટી જવા વગેરેનો વિકાર હોય છે. અમૃત ગમે તેટલો સમય રહે તોય ક્યારે પણ વિકૃતિ આવતી નથી, સ્વરૂપ બદલાતું નથી. દૂધ વગેરેમાંથી દહીં - ઘી વગેરે રૂપાંતર થાય..... અમૃતમાં તો રૂપાંતરની પણ સંભાવના નથી. માટે એવા જ્ઞાનરૂપ અમૃતના ઓડકાર દ્વારા તૃપ્તિનો સાચો એહસાસ કરીએ, એ જ મંગલ કામના. ધ

## ★ મુનિભગવંતોની ઋદ્ધિ -3 ★★★

જગતમાં ભૌતિક - નાશવંત -આત્માનું અહિત કરનારી ઋદ્ધિ ભલે ઈન્દ્ર - ચક્રવર્ત્યાદિ પાસે વધારે હોય.... પરંતુ બિરદાવી શકાય, સંગ્રહ કરવા છતાં ભારભૂત કે પરિગ્રહરૂપ ન ગણાય, જેને સાચવવાની ઉપાધિ ન હોય, એને સાચવવા છતાં સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાનનો જીવ શિકાર ન બને , જીવનો દુર્ગતિમાં પાત ન થાય.... જેને સાચવવા માટે તાળાં - તિજોરી જેવી ચીજોની જરૂરિયાત ન રહે તેવી આત્મિક ઋદ્ધિ તો મુનિવરો પાસે જ છે. જૈનશ્રમણો જેવા શ્રીમંતો વિશ્વમાં શોધ્યાય નહીં જડે ! કારણ, દુનિયાના ધનાઢ્યો - શ્રીમંતો - ઈન્દ્ર મહારાજાઓ - ચક્રવર્તીઓય આ શ્રમણભગવંતોનાં ચરણ - સેવકો બનીને નમન - વંદન કરે છે, ચરણ ચૂમે છે. શ્રમણભગવંતો આટ - આટલી ઋદ્ધિ ભોગવવા છતાં તેઓના આ લોક કે પરલોક બગડતા નથી, અહિત થતું નથી.

ભૌતિક રિદ્ધિનો તો દુરુપયોગ પણ થાય .... જ્યારે આધ્યાત્મિક રિદ્ધિનો ક્યારેય દુરુપયોગ જ થતો નથી. સ્વ-પરનું હિત જ કરનારી એ આધ્યાત્મિક રિદ્ધિ છે! આધ્યાત્મિક સંપત્તિ કમાવવામાં પુણ્યનો કે પૈસાનો ખર્ચ નથી. ભોગવવામાં આસક્તિનો ભય નથી. ટકાવવામાં સંરક્ષણની ચિંતા નથી; તેથી આત્મિક કોઈપણ જાતનું નુકશાન એમાં નથી. હા, આત્મિક સંપત્તિને લુંટાવવાનો ભય આત્મિક દોષોથી જ છે. બહારમાં એને લૂંટનારો કોઈ જ નથી. જે છે તે અંદરના દુશ્મનો જ છે. કામ - ક્રોધ - માન - મદ - હર્ષ અને લોભઃ આ છ આંતર શત્રુઓ જ એ આધ્યાત્મિક સંપત્તિને લૂંટી જાય છે. ગુણોની સાચવણી ગુણોથી જ થાય છે. ગુણોથી જ ગુણવૃદ્ધિ થાય છે. દોષોથી જ દોષવૃદ્ધિ થાય છે.બીજી રીતે કહીએ તો ગુણોથી

જ દોષ હાનિ થાય છે તો દોષથી જ ગુણહાનિ થાય છે.

ભૌતિક સંપત્તિવાળાઓ હંમેશા ભિખારી જ રહે છે. જ્યારે આધ્યાત્મિક સંપત્તિવાળો ક્યારેય ભિખારી નથી હોતો - બનતો ! દોષો કે ભૌતિક સંપત્તિ જીવને ડુબાડે છે. આધ્યાત્મિક સંપત્તિ તારે છે. સન્મતિ ને બગાડે એને સાચી સંપત્તિ કઈ રીતે કહેવાય ? ભૌતિક સંપત્તિ સન્મતિ (સદ્‌બુદ્ધિ) ને દૂષિત કરે છે. આધ્યાત્મિક સંપત્તિ સન્મતિને વધુ સુદૃઢ બનાવે છે. જો જીવ પાસે સન્મતિ જ ન હોય તો સંપત્તિ શું કામની ? એવી સંપત્તિથી જીવનું એકાંતે અહિત જ થાય ને ? અહિત કરનારી વિપત્તિ ને આમંત્રિત કરનારી સંપત્તિ ગમે તેટલી હોય તોય શું કરવાની ? એના કરતાં તો દરિદ્રતા શું ખોટી ? ત્યારે જ તો કુમારપાળ રાજાએ પ્રભુને પ્રાથના કરતાં કહેલું કે - **જિનધર્મ - વિનિર્મુક્તો, મા ભુવં ચક્રવર્ત્યપિ; સ્યાં ચેટોડપિ દરિદ્રોડપિ જિનધર્માધિવાસિત :** । હિતકારી દરિદ્રતા (જિનશાસનથી વાસિત હોવાથી હિત જ થાય.) મને મંજુર છે પણ અહિત કરનાર ચક્રવર્તીપણું મને ન ખપે. કારણ એ ચક્રવર્તીત્વ તો સાતમી નરકમાં ધકેલી દેનારું બને છે !

મકાન કેવું છે ? એમાં વ્યવસ્થા કેવી છે ? એની વિશાળતા કેટલી છે ? માલિકીનું છે કે ભાડાનું ? શોભા કેવી છે ? સગવડ કેવી છે ? વગેર પરથી ઘરમાં વસનારો કેવો રિદ્ધિમંત છે તેનો ખ્યાલ આવે છે. ત્રણ ભુવનમાં વ્યવસ્થા - વિશાળતા - શોભા - માલિકીપણા વગેરેનાં માધ્યમથી વિચારવામાં આવે તો પ્રથમ દૃષ્ટિએ સૌધર્મેન્દ્ર જ નજરમાં આવે. કારણ કે - તેનાં માલિકીનાં સગવડ - શોભા - વિશાળ તા યુક્ત સૌથી વધારે વિમાનો (મકાનો - રહેઠાણો) એની પાસે છે ! ભૌતિક દૃષ્ટિએ એની પાસે સૌથી વધારે મકાનો (વિમાનો) છે. (એ વિમાન ફરવા માટેનાં નથી, રહેવા માટેનાં છે. સ્થિર છે, શાશ્વત છે, પરંતુ પોતે શાશ્વત નથી એ ભૂલતા નહી.જેમ ચૌદ રાજલોક શાશ્વત છે, સ્થિર છે. જીવ પણ શાશ્વત છે. પરંતુ સ્થિર નથી. કર્મ (આયુષ્ય વગેરે) ના કારણે જીવ (સંસારી) ભટક્યા જ કરે છે. એક જગ્યાએ સ્થિર રહી શકતો નથી. તે જ રીતે ઈન્દ્રની હાલત પણ એવી જ છે,તેથી જ તેમના કરતાં ચઢિયાતી રિદ્ધિ (મકાનની બાબતમાં) મુનિવરની છે. મુનિવરને રોજ નવા મુકામ, રોજ નવાં ગામ હોવા છતાં અને એ નિષ્પરિગ્રહી હોવા છતાં મકાનના માલિક ગણાવ્યા છે. તો એ મકાન ક્યું ?

દુનિયાના જીવો (સંસારી) લગભગ એક જ મકાનમાં વસે છે છતાં રિદ્ધિવાળા ન કહ્યા..... ને ..... મુનિવર અલગ - અલગ ગામ - મકાનમાં રહેવા છતાં રિદ્ધિવાળા ગણાવ્યા ! કારણ સ્પષ્ટ છેઃ મુનિવર મકાનમાં રહે છે એ વ્યવહારભાષા છે. બાકી વાસ્તવિક જ્ઞાન - ધ્યાનમાં જ રહે છે. માટે જ મુનિવરના જ્ઞાનને જ મહાવિમાન - વિશાળ મકાનની ઉપમા આપી છે. સ્વ-પર સ્વરૂપનું અવબોધન -



જ્ઞાન - સમજ એ મુનિવર મેળવી ચૂક્યા છે. સ્વરૂપમાં વસવા જેવું બીજું સ્થાનનું (મકાનનું ) સુખ કયું હોઈ શકે ?

વિશાળ મકાનમાં, સગવડભર્યા બંગલા, વિમાનમાં વસનારો માનસિક સ્થિર નથી. જ્યારે ઝૂપડામાં કે જંગલમાં વસનારો માનસિક સ્થિરતા ધારણ કરીને રહે છે. તેથી જ મનમાં સ્થિરતાવાળા મુનિને જ અહીં રિદ્ધિવાળા ગણાવ્યા છે. મન ભટકતું હોય, શરીર માત્ર મકાનમાં પડેલું હોય તેનાથી ફાયદો શુ ? દુનિયાને જે દેખાય છે તે રેહનારાને નથી દેખાતું કે અનુભવાતું ! મુનિપુંગવો તો પરમસુખની અનુભૂતિ કરે છે. દુનિયામાં ઉથલ - પાથલ ગમે તેટલી ચાલતી હોય તેઓ તો હંમેશા સ્થિતપ્રજ્ઞ હોય છે. આ જ તો સાચો મુકામ છે. સ્થિર વસવાટ છે.

જેઓ પોતાના શરીરનેપણ વળગાડ ગણતા હોય, એ દેહપર પણ મમત્ત્વ વગરના, માત્ર ધર્મસાધનાના અંગ તરીકે ગણીને ફક્ત ભાડું આપવાની જેમ ભોજન લેતા હોય તેને શરીરને રાખવા માટે મળેલા મકાન પર મમત્ત્વ કે અણગમો ક્યાંથી હોય ? પંખીની જેમ અનિત્ય વાસ કરનારા શ્રમણોને ગમો કે અણગમો ન જ હોય. રાહીદારી - મુસાફર સાર્વજનિક ધર્મશાળામાં કઈરીતે રહે છે ? કયા ભાવથી રહે છે ? એને ક્યાં એ સ્થાન પર રતિ - અરતિના ભાવો હોય છે ? સુખ-દુઃખનું કારણ મકાન નથી, દેહ નથી.....વાસ્તવિક વિચારીએ તો તેનું કારણ રાગ - દ્વેષ - અરતિ - રતિ વગેરે મનના પરિણામો છે. આવા મનના પરિણામોની જગ્યાએ સમ્યગ્જ્ઞાનનાં પરિણામો સ્પર્શી જાય તો ક્યારેય સુખ - દુઃખનાં દ્વંદ્વોને અવકાશ ન જ મળે ! સમભાવમાં રહેલા ને સ્થિતપ્રજ્ઞ બનેલા એ શ્રમણપુંગવને માટે જ તો સૌથી ચઢિયાતા રિદ્ધિવાળા શ્રીમંત તરીકે અહીં ગણાવ્યા છે !

સંયમની અને આત્માની રક્ષા માટે મકાનમાં રહેવાનું છે, સુખ - સગવડ માટે નહીં..... આવી માન્યતા જૈન શાસનના અણગારની હોવાથી તેના પૌદ્‌ગલીક - ભૌગોલિક રચનાની કોઈ જ અસર તેમને થતી નથી. ભૌતિક સુખના ઢગલા વચ્ચે રહેવા છતાં માનસિક દુઃખી છે સંસારી. એની સામે શરીરમાં ભયંકર વ્યાધિ વચ્ચેય પરમપ્રસન્નતા અનુભવે છે સંયમી ! કેટલો ફરક છે બે વચ્ચે ?

દુનિયામાં રહેવા છતાં દુનિયાના નીતિ - નિયમો અને વ્યવહારોથી પર છે સયંમી..... દુનિયાથી - દુનિયાના વ્યવહારોથી રંગાયેલા ઘેરાયેલા છે સંસારી. આ વ્યવહારો - બંધનો જ દુઃખ - સંક્લેશ - કલહાદિનું કારણ બને છે. બંધન વગરનો આત્મા જ સુખી છે એ વાતનો કોણ સ્વીકાર ન કરે ? માટે જ તો આગમમાં જણાવ્યું કે - ' બંધન જાણો, બંધન તોડો ' જ્ઞાન સદનમાં વસનારો ક્યારેય દુઃખી થતો નથી. અજ્ઞાનતા જ દુઃખનું કારણ છે. જ્ઞાનને ત્રીજા લોચનની, બીજા સૂર્યનીજ,અમૃતની, દીપકની...એમ અનેક ઉપમાઓ આપી છે. એનાથી જ્ઞાનનો મહિમા સમજાય છે. જ્ઞાનની જરૂરિયાતો અને મહત્તાનો ખ્યાલ આવે છે.

આગમગ્રંથોમાં જણાવ્યું છે કે- અન્નાણં ખલુ કટ્ઠં - અજ્ઞાન જ સૌથી મોટું કષ્ટ - દુઃખ છે. જ્ઞાની જ ખરી મસ્તી માણી શકે છે. જ્ઞાનામૃતં ભોજનં કહીને પણ જ્ઞાનનો મહિમા ગાયો છે. માલ - મિષ્ટાન્ન કે મેવાનું ભોજન જે આનંદ ન આપે તે આનંદ જ્ઞાનામૃતના ભોજનથી મળે છે. એકવાર અમૃતનો લેશ પણ ચાખવા મળ્યો હોય તો પછી તેને કોઈ જ પદાર્થમાં આનંદ આવતો નથી.

ઉપદેશમાળામાં શ્રીધર્મદાસગણીજીએ જણાવ્યું છે કે - ૬૦, ૦૦૦ વર્ષના તપ પછી પણ એ તામલી તપાસ માત્ર ઈશાનેદ્ર જ બન્યા, આગળ ન વધી શક્યા તેનું કારણ શું ? 'અજ્ઞાનતપ' તપ તો હતો પણ તપનું સાચું જ્ઞાન ન હતું તેથી જ તયાં જણાવ્યું કે - અન્નાણતવુત્તિ અપ્પફલં - અજ્ઞાન તપના કારણે અલ્પફળ મળ્યું! આ જ, આટલો જ તપ જો કોઈ જ્ઞાનીએ કર્યો હોત તો સાત આત્માઓને મુક્તિ મળી ગઈ હોત ! મતલબ, સાત જીવોનાં તમામ કર્મોને બાળીને સાફ કરી દેનારો તપ હોવાં છતાં જ્ઞાનની જગ્યાએ અજ્ઞાનતા જોડાઈ તેથી સાવ સામાન્ય - અલ્પફળ જ એ તામલીતાપસ પ્રાપ્ત કરી શક્યો.

શાસ્ત્રમાં એક ઠેકાણે લખ્યું છે : જે આત્મા શ્રુત ભણે છે તે નરકમાં પડતો નથી. બાકી તો (શ્રુત સિવાય) બધું જ દેહ પીડારૂપ, ક્લેશ અને વિડંબના રૂપ છે. સમ્યગ્યજ્ઞાન તો જીવને આ લોકમાં અને પરલોકમાઃ બંને લોકમાં બચાવે છે, બંને લોકમાં ધન કામ ન આપે જ્ઞાન તો કામ આપે જ.

આગળ વધીને લખ્યું છે કે- વિદ્યા (જ્ઞાન) એ માનવનું સાચું રૂપ છે. ગુપ્ત ધન છે. (કેમ કે બીજાને દેખાતું નથી) ભોગને આપનાર છે. યશ અને સુખ પ્રદાન કરનાર છે. ગુરુનોય ગુરુ છે. સાચો ભાઈ છે. પરદેશમાં જતાં જીવને માટે ભાગ્ય છે. રાજાદિ મહાન આત્માઓ દ્વારા જ્ઞાનથી પૂજાય છે. જ્ઞાન વગરનો માનવ તો માનવ નહિ, પશુ છે !

જ્ઞાનનો મહિમા તો શાસ્ત્રકારોએ ખૂબ - ખૂબ ગાયો છે. અજ્ઞાની જીવ સેંકડો - હજારો - કરોડો વર્ષો સુધી ક્રિયાદિ કરી જે કર્મ ન ખપાવી શકે તે ત્રણગુપ્તિથી ગુપ્ત જ્ઞાની જીવ શ્વાસોશ્વાસ માત્રમાં ખપાવી નાખે છે ! (મુખ્યત્વે ધ્યાન નામના તપ માટે આ વાત કહેવાયેલી છે. સૌથી ચઢિયાતો તપ (૧૨ પ્રકારમાંથી) ધ્યાન છે. સાચવવાની ચિંતા નહી, ખરાબ થાય નહી, ચોરાય નહીં, લૂંટાય નહીં, પાણીથી ભીંજાય નહીં, કાટ લાગે નહીં, અગ્નિમાં બળે નહીં, ..... આવી મહાન જ્ઞાન રિદ્ધિવાળા - જ્ઞાન સદનમાં મહાલતા મુનિવરોના ચરણોમાં કોટિ - કોટિ નમન , વંદન......અભિનંદન.

(પૂર્ણ) ધ

## ★ માંસાહાર : સર્વત : શ્રાપરૂપ ★★★

**- સંકલન**

દ્વાદશાંગીમાં પ્રથમ અંગ તરીકે ગણના પામેલ શ્રીઆચારાંગસૂત્રમાં



ત્રસજીવોની હિંસાના કારણો બતાવતાં જણાવ્યું છે કે - માનવો ; દેવદાતાઓને બલિ ચઢાવવા, હોમ - હવનમાં, શરીરના શણગાર માટે (કોસ્મેટીક આઈટમો બનાવવા માટે) માંસભક્ષણ માટે, તેનું લોહી મેળવવા માટે, તેના કલેજાં માટે, ચરબી - પાંખ - વાળ - શિંગડા - દાંત - દાઢ - નખ - સ્નાયું - હાડકાં તથા મજ્જા (હાડકામાં રહેલી મજ્જા) વગેરે પ્રાપ્ત કરવા હિંસા કરે છે. વળી કેટલાક મનુષ્ય મનોરંજન માટે, શોખ કરવા ખાતર શિકાર કરવા દ્વારા હિંસા કરે છે. ઉપરાંત, વીર્ય વધારવા -શક્તિ વૃદ્ધિ વગેરે (કામોદ્દીપન) માટે વિવિધ ઔષધિઓ ગ્રહણ કરે છે. આ કામચિકિત્સા, નિમિત્તે સેંકડો - હાજારો - લાખો જીવોની હિંસા - વધ - છેદન - ભેદન - લુંપન - વિલુંપન આદિ સ્વરૂપે હિંસાના માર્ગે બેસુમાર પ્રવૃત્તિ થાય છે. આવી કામ - ચિકિત્સા કરવાવાળા તથા કરાવવાવાળા બંને અપરાધી ગણાય છે. આ રીતે પણ પશુ - પ્રાણીઓ પર અત્યાચાર થવાના યોગે ખતરો ઊભો થયો છે.

સને ૧૯૬૬ માં પર્યાવરણ મંત્રાલય તરફથી ઉદ્દ્ઘોષણા થઈ હતી કે - જો આ ગતિથી, આ જ ઝડપથી હિંસા ચાલુ રહી તો સન ૨૦૧૧ સુધીમાં એકપણ ઘેટાં - બકરાં નહીં બચે. (અહિંસાપ્રેમી જીવોની દખલગીરી અને સુયોગ્ય કાર્યવાહીથી હજી એ નોબત આવી નથી. હિંસાને મહાપાપ માનનારા ધર્મો - ધર્મગુરુઓ - ધર્મી પ્રજાજનોનાં કારણે એ જીવોને બચાવવાના પ્રયત્નો જારી છે. તેના પ્રભાવે જ હજી લાખો જીવો મોતનાં મુખમાં ધકેલાતાં બચી શક્યાં છે !)

દેશમાં કાયદેસર - બિનકાયદેસર ક્રૂરતા માઝા મૂકી રહી છે. એક સર્વેક્ષણ પ્રમાણે દેશમાં પ્રત્યેક વર્ષે (૧૨ મહિનામાં) ૧૫ કરોડ પશુઓની કતલ થાય છે. મતલબ, એક દિવસમાં ૪ લાખ ૧૦ હજાર ૯૮૬ પશુઓને મોતને ઘાટ ઉતારાય છે !

માંસ - ઉદ્યોગનું માનવું છે કે - દેશમાં વર્તમાન સમયમાં (સન ૨૦૦૯ ની સાલના લખાણ મુજબ) ભારતદેશમાં વ્યક્તિદીઠ દોઢ કિ.ગ્રામ માંસ ખપત છે. તેને ૩ kg. સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક છે. આનો મતલબ એ થયો કે - દર વર્ષે ૩૦ કરોડ પશુઓના જાન લેવાશે. આ સીલસીલો ચાલુ રહ્યો તો ; જગતમાં ઘણી જાતની પ્રજાતિઓ જગતમાંથી નષ્ટ થઈ તેમ, દેશમાં અન્ય પશુ જાતિના અદૃષ્ટ થવાની નોબત પણ વાગી શકે છે !

માંસ ઉદ્યોગના કારણે પીવાના પાણીની તંગી સર્જાશે. કારણ, આ પશુઓની કતલમાં પાણીની જરૂર મોટા પ્રમાણમાં પડે છે, પાણીનો ભરપૂર ઉપયોગ આ

ક્રિયા - પ્રક્રિયામાં કરવામાં આવે છે. હાલ દેશમાં ઉપયોગી પાણીનો જથ્થો ૧૧૫૦ ક્યુબિક કિલોમીટર છે. આમાં ૪૫૦ ક્યુબિક કિ.મી. પાણી ભૂમીગત છે. જ્યારે ૭૦૦ ક્યુબિક K.M પાણી ભૂતલ છે. બાકીનું પાણી ખૂબ જ મોટી માત્રામાં કતલખાનાંઓમાં વપરાઈ જાય છે. હાલ ભારતમાં ઉપયોગી નોંધાયેલ કતલખાનાની સંખ્યા ૪૦૦૦ થી અધિક છે. એમાંઅલકબીર (હૈદરાબાદ) અને દેવનાર (મુંબઈ) જેવાં કતલખાનાં મોટાં (જાયન્ટ) છે; જેમાં અનુક્રમે વર્ષે - દહાડે ૪૮ કરોડ લીટર અને ૬૪.૮૪ કરોડ લીટર પીવાના પાણીનો વપરાશ થાય છે. આના ઉપરથી પાણીના દુકાળનું અનુમાન પણ સારી રીતે કરી શકાય છે. આ રીતે પાણીનો વેડફાટ કે દૂષણ કેટલું થાય છે ?

**ચામડા માટે પશુઓની કતલ :** સન્ ૧૯૯૬-૯૭ માં ૫૭ લાખ અબજ રૂપિયાનાં ચામડાંની નિકાસ થઈ ! કેટલાં જાનવરોની કતલ થાય ત્યારે આટલું ચામડું નિર્યાત થઈ શકે ? દેશમાં પણ ચામડાં માટે પાણીનો વપરાશ કેટલો થયો હશે ? એની પાછળ ખર્ચ કેટલો આવ્યો હશે ? એક સર્વેક્ષણ જણાવે છે કે એક પાઉન્ડ ઘઉંના ઉત્પાદનમાં ૨૫ ગેલન પાણી વપરાય છે. એક પાઉન્ડ ટામેટાના ઉત્પાદનમાં ૨૩ ગેલન પાણી લાગે છે. એક પાઉન્ડ બટાટાના ઉત્પાદન માટે ૨૩ ગેલન પાણીનો વપરાશ થાય છે. પરંતુ એક પાઉન્ડ ઈંડાના ઉત્પાદન માટે ૫૪૪ ગેલન પાણીનો કચ્ચરઘાણ નીકળે છે ! તે જ રીતે એક પાઉન્ડ ડુક્કરનું (ભૂંડનું ) માંસ તૈયાર કરવા ૧૬૩૦ ગેલન પાણી વેડફાય છે ! હિંસાનું પાપ તો છે જ.... ઉપરાંત પીવાના પાણીનોય વપરાશ કેટલો થાય છે ? જેના એક - એક ટીપામાં અસંખ્ય જીવો છે તેવા પાણીનો આટલો બહોળો વેડફાટ થવાથી પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાવવાનો પણ મોટો ભય છે ! જીવોની દૃષ્ટિએ વિચારીએ તો પશુ - સંપદાને - મોટાપાયે નુકશાન પહોંચાડવાના કારણે તેમની સંખ્યા - તેમની હયાતિ પર ખતરો છે. બીજી તરફ વનસ્પતિકાયનો વિનાશ થવાથી વનો જંગલો વગેરેનો વિનાશ નોંતરાશે એવું લાગે છે.

'પૃથ્વી પર વધતી જતી માનવ વસ્તીને કારણે માંસાહાર અનિવાર્ય છે. માત્ર નિરામિષ - અન્નાહારની ઊપજ - પેદાશ એટલી ઓછી છે કે - માનવોને આહાર માટે એ સામગ્રી પર્યાપ્ત નથી' આવી માન્યતા ભ્રમથી ભરેલી છે. ડૉ. તારાચંદ ગંગવાલનું કહેવું છે કે - પરીક્ષણ અને પ્રયોગથી એ વાત સિદ્ધ થઈ ચૂકી છે કે, એક પાઉન્ડ માંસ પ્રાપ્ત કરવા માટે ૧૬ પાઉન્ડ અનાજ પશુઓને ખવડાવું પડે છે ! ઉદાહરણથી વિચારીએ તો એક વાછરડું; જે જન્મ સમયે ૧૦૦૦ પાઉન્ડ રતલ



વજનનું હોય છે, તે ૧૪ મહિનામાં લગભગ ૧૧૦૦ પાઉન્ડ - રતલનું થાય ત્યારે કતલખાને મોકલવા યોગ્ય ગણાય છે. એ ચૌદ મહિનામાં તેના પાલન પોષણ માટે ૧૪૦૦ રતલ દાણા, ૨૫૦૦ રતલ સૂકું ઘાસ, ૨૫૦૦ રતલ દાણાં ભેળવેલ સાઈલોજ અને લગભગ ૬૦૦૦ રતલ લીલું ઘાસ ખવડાવવું પડે છે ! વળી આ ૧૦૦ રતલ વજનના વાછરડામાંથી માત્ર ૪૬૦ રતલ જ ખાવા યોગ્ય (?) માંસ મેળવી શકાય છે. બાકીના હાડકાં વગેરે અવયવો બિન-ઉપયોગી હોવાથી ગણતરી માં આવતાં નથી.

જો આટલી ખાદ્ય સામગ્રી આહારના રૂપમાં સીધી ભોજનમાં લેવાય તો વાછરડાનાં માસમાંથી પ્રાપ્ત થનાર પ્રોટીન કરતાં પાંચ ગણી મોટી માત્રા (પ્રમાણ) - માં પ્રોટીન તથા અન્ય પોષક તત્ત્વો- પદાર્થો પ્રાપ્ત થઈ શકે છે. એટલે એવું કહેવું યોગ્ય નથી કે- માંસાહાર માંથી સસ્તા પ્રોટીન અને પદાર્થો પ્રાપ્ત થાય છે.

બજારમાં 'રોલ્સ રોયસ' કાર આવી રહી છે, જે ઘણી કિંમતી (મોંઘી) છે. આ ગાડીની સીટો બનાવવા માટે વિશેષ પ્રકારની ગાયોની કતલ કરાય છે. એક કારની સીટ બનાવવા માટે સ્કેંડી નેવિયન પ્રકારની ગાયોની હિંસા કરાય છે. !! આ ગાયોને ક્યારેય કાંટાવાળી 'વાડ' માં રાખવામાં નથી આવતી. કારણ, કાંટાના કારણે તેની ચામડીની કોમળતા (softness) ખલાસ થઈ જાય છે. એવું થવાથી માખણ કરતાં મુલાયમ અમીરજાદાઓની ચામડીઓને નુકશાન થઈ જાય ! એક સામાન્ય સુખ - સુવિધા માટે કેવાં નિર્દોષ - મૂક નિરીહ જાનવર જીવોનો સંહાર કરાય છે !

હવે ગેંડાના શિંગડાની શોધ ફરી શરૂ થઈ ગઈ છે. કારણ, એમાંથી બનતી દવાઓનો; એશિયાના ઘણા દેશોમાં કામોત્તેજક અને શક્તિવર્ધક દવા તરીકે વ્યાપક મોટા પાયે ઉપયોગ થઈ રહ્યો છે. આ રીતે માનવના હૃદયની કોમળતા, સરળતા, સંવેદનશીલતા, પ્રેમ - દયા - લાગણીઓનો ખાત્મો બોલાઈ રહ્યો છે. માનવ નિર્દય, નિષ્ઠુર, કઠોર અને ધિટ્ઠો - લાગણીહીન બની રહ્યો છે. એટલું જ નહીં, હંમેશા ફેશન, પ્રદર્શન અને વ્યસન વગેરેમાં મશગૂલ બની હિંસાના માર્ગે હરણફાળ ભરી રહ્યો છે, પૂરવેગે દોડી રહ્યો છે !!

માનવ લગભગ હૃદયનો બુટ્ઠો બની ગયો હોય તે રીતે બેફામ હિંસાના માર્ગે આગળ વધી રહ્યો છે. સ્વાર્થમાં જ રાચનારો, સ્વાર્થને જ કેન્દ્રમાં રાખી જીવન જીવનારો, નિર્દયી, કરુણાહીન બનીને નિર્દોષ જીવોને યમ દ્વારે પહોંચાડી રહ્યો છે. લાગણી ભીનું દિલ લાગણી વિહોણું બની રહ્યું છે. દયાળું દિલમાં માનવતાની જગ્યાએ દાનવતાએ પ્રવેશ મેળવી લીધો છે. તેનાં ખાન - પાન - રહેણી - કરણીમાં પરિવર્તનનો પ્રચંડ પવન ફૂંકાયો છે ! સ્વાર્થના યોગે આવેલી

બહેરાશમાં મૂક જાનવરોના દારુણ -કરુણ ચિત્કાર તેને સંભળાતો નથી. સ્પર્શનેન્દ્રિય વગેરેના તથા આહાર, પરિગ્રહ આદિ સંજ્ઞાઓના ગુલામ બનેલા એ માનવોનાં જીવનમાં હિંસાદિ પાપવૃત્તિઓ અને પ્રવૃત્તિઓ વ્યાપક બનતી જાય છે.

બીજા જીવો મારા જેવા જ છે. એમને પણ મારી જેમ જ સુખ ઈષ્ટ છે. દુઃખ અનિષ્ટ છે.... વગેરે વાતો ભૂલાતી જાય છે. જ્યાં જ્યાં મોટા પાયે હિંસા થાય છે. ત્યાં ત્યાં કુદરતી આપત્તિઓ, ભૂકંપો, સુનામીઓ વધારે આવે છે. કુદરત કે કર્મસત્તા ક્યાં છોડશે ? હિંસા નામના પાપનેય ધર્મ માનનારો વર્ગ વિશ્વમાં વધતો જાય છે. એ જીવોની 'આહ' વાતાવરણને બગાડે છે. ધરતીને દૂષિત કરે છે. હિંસાદિ પાપોથી પૃથ્વીથી લઈ આકાશ પણ પ્રદૂષણના ભરડામાં આવતું જાય છે. કુદરતની થપ્પડો ખાઈને પણ માનવજાત સુધરશે ખરી ? બુદ્ધિશાળી ગણાતી માનવ જાત બુદ્ધુની જેમ કેમ વર્તે છે ? બુદ્ધિનું (વૃત્તિનું) દેવાળું કાઢનારો કમાણી ક્યાંથી કરી શકે ?

જગતમાં થતી હિંસાને અટકાવવાનો યથાશક્તિ પુરષાર્થ કરી એને ડામવવાની કોશિશ કરવા જેવી છે. તે ન જ શક્ય બને તો કમ સે કમ જાતમાં તો હિંસાને બ્રેક મારીએ. જાતથી અહિંસાનો પ્રારંભ કરીએ. આપણા પૂર્વજોએ જે અહિંસાના ઊંડા પાયા નાખેલા તેમાં અત્યારે ગોરાઓએ - અંગ્રેજોએ સુરંગો મૂકવા માંડી છે. જો આપણે નહીં જાગીએ તો વિનાશ નજીકમાં જ હોઈ શકે છે.

એક જગ્યાએ 'શ્રમણસંસ્કતિ' નામના મેગેજીનમાં જોયેલા લેખનો અનેક શુદ્ધિ - વૃદ્ધિ સાથેનો આ તરજુમો છે.

ધ

## ★ આ અંકની લઘુકથા ★★★

**-શ્રી ધર્મમિત્ર**

**ત્રણ અવસ્થા : ત્રણ હીરા**

માનવ જાતને મન જર-ઝવેરાતની કિંમત છે. આત્મ-રત્નની કિંમત નથી! માનવ જાત બાહ્યવૈભવમાં મસ્ત છે. આત્મવૈભવની તેને કંઈ જ પડી નથી!માનવ ધન-મિલકત મેળવવામાં ગૂલતાન છે. ગુણલક્ષ્મીના ઉપાર્જનમાં આળસુ છે. માનવ ઈન્દ્રિયો પાછળ શક્તિ વેડફી નાખે છે. ઈન્દ્રિયો બહેલાવે છે. ઈન્દ્રિયોને મોં-માંગ્યું આપે છે. બિચારો આત્મા હવાતિયાં મારે છે. આત્મા માલિક હોવા છતાં કૂટાય છે. મન; ઈન્દ્રિયો સાથે જોડાઈને આત્માને પરેશાન કરે છે. માલિક ઉપર ઈન્દ્રિયો અને મન અનુશાસન કરે છે. આત્મા ગુલામી જેવી દશા ભોગવે છે. એ જ કારણે



આત્માનું અહિત થાય છે. ઈન્દ્રિયો લહેર કરે છે. મન નારદજીની જેમ આત્મા અને ઈન્દ્રિયો વચ્ચે ઝઘડા કરાવે છે. તેમાં આત્માની હાર જાહેર થાય છે, ત્યારે દુઃખ અને દુર્ગતિ પ્રાપ્ત થાય છે,લમણે ઝીંકાય છે!રાંક બનીને એ પીડા ભોગવે છે. અનંતશક્તિનો સ્વામી, અતુલબલી હોવા છતાં આત્માને જ સહન કરવાનો વારો આવે છે. જયારે જડ એવી ઈન્દ્રિયો લહેર કરે છે. મજા ઉડાવે છે!

માનવમાત્રને લગભગ ત્રણ હીરા મળે છે! શ્રીમંતને જ મળે છે એવું નથી. ગરીબમાં ગરીબ માનવનેય ત્રણ હીરા તો પ્રાપ્ત થાય જ છે! એ હીરાનો ઉપયોગ શું કરે છે, એ મહત્ત્વની વાત છે. હીરાની વાસ્તવિક કિંમત સમજાય તો સદુપયોગ માટે વિચાર આવેને?હીરાની સાચી ઓળખ અને વેલ્યુ (કિંમત) જ્યાં સુધી ન સમજાય ત્યાં સુધી એને સાચવવાની, એનો સદુપયોગ (દાગિનામાં મઢવા વગેરે દ્વારા શોભા વધારવાની ) કરવાની ભાવના ક્યાંથી જાગે ? આત્માની શોભા વધારવા માટે ગુણોરૂપી હીરાની જરૂરિયાત છે. ત્રણ હીરાને સમજવા માટે આપણે એક વાર્તા જોઈએ.

એક ખેડૂતને ખેતરમાંથી ત્રણ હીરા મળ્યા. એમાંથી એક હીરો તે ખેડૂતે ઘરમાં રહેલી વાછરડીના ગળે બાંધ્યો. વાછરડીને વેચતાં તે હીરો તેના ગળામાં જ સાથે ગયો. મતલબ, બાલ્યાવસ્થારૂપી હીરો રમત-ગમતમાં ગુમાવ્યો.બીજો હીરો હતો તેનું નવટાંકિયું (વજન કરવા માટે બાંટ) બનાવ્યું. એક વેપારી આવ્યો...મરી-મસાલા આપી તે હીરો લઈ ગયો. મતલબ, યૌવનાવસ્થા સ્વરૂપ હીરો ખાવા-પીવા-પહેરવા-ઓઢવાદિ પાંચ ઈન્દ્રિયના વિષયો મેળવવા-ભોગવવામાં વેડફી નાંખ્યો. ત્રીજો હીરો વેચવા કાઢયો. રૂ.૧૦ હજાર ઊપજ્યા. અર્થાત્ ત્રીજા અવસ્થામાં સદ્‌ગુરુનો ભેટો થયો. વૃદ્ધાવસ્થામાં થોડા જાગ્યા તો ત્રીજા હીરાનું મૂલ્ય મળ્યું. જો એય ન વેચાયો હોત તો કિંમત ક્યાં ઊપજત? ઘણા જીવો તો ત્રણે હીરાને (ત્રણઅવસ્થાને) ગુમાવી દે છે! બિચારા દરિદ્રનારાયણ બની દુર્ગતિમાં ચાલ્યા જાય છે.

મળેલી મૂલ્યવાન ચીજોને માત્ર સાચવવાની નથી, સફળ બનાવવાની છે. તે સફળતા માટે એનો સદુપયોગ કરવાનો છે. સદુપયોગ કરવાથી તેનું મૂલ્ય મળે છે. મૂલ્ય મળે તો દરિદ્રતા દૂર થાય છે. ધનવાન (ગુણવાન) બનાય છે. પરલોકમાં જતાં હીરા-ધન વગેરે સાથે નહીં આવે . એ હીરાથી (અવસ્થાથી ) ઊભા કરેલ-મેળવેલ ગુણો જ સાથે આવશે. તેનાથી જ અમૂલ્ય-મૂલ્યવાન સદ્‌ગતિ,જ્ઞાનાદિરત્નત્રયીની ઉપાસના માટેની શ્રેષ્ઠ સામગ્રી પ્રાપ્ત થાય છે. એ સામગ્રીના માધ્યમથી મુક્તિ સાધના થાય છે.

ખેડૂતને શ્રેષ્ઠ બીજ (બિયારણ) મળે તો તે સાચવતો નથી. કાળી માટીનાં

ખેતરમાં એનું વાવેતર કરે છે. એની વૃદ્ધિ માટે પૂરી માવજત કરે છે. તો પરિણામે મબલખ પાકને તે પ્રાપ્ત કરે છે. ખડૂતને ઉત્તમ બિયારણ અને કાળી માટીના ખેતર મળ્યાની એ જ સફળતા છે; સદુપયોગ છે.

ત્રણે અવસ્થારૂપી હીરાનું પૂર્ણ મૂલ્ય ઉપજાવવા માટેની સુયોગ્ય મહેનત કરી સદ્‌ગતિ ને પરંપરાએ મુક્તિની પ્રાપ્તિ કરનારા બનો; એ જ મંગલકામના.

ધ

## ★ અનુમોદનાનો અમૃતથાળ ★★★

**મસૂર તીર્થ : શતાબ્દીનો શાહીઉત્સવ-૩**

દક્ષિણ મહારાષ્ટ્રમાં પ્રાચીનતમ શ્રીસુમતિનાથાદિ જિનબિંબોથી ગામની શાન વધી છે. તેવા મસૂર ગામના જિનાલયના શતાબ્દી મહોત્સવની ગૌરવગાથા આલેખવા ગ્રંથ જ બનાવવો પડે...પરંતુ ઐતિહાસિક અને દિશા-વિદિશામાં ખ્યાતનામ બનેલા એ મહોત્સવની ઝાંખી તો કરાવવી જ રહી...વળી, ધર્મદૂતના માધ્યમથી સમ્યગ્જ્ઞાનની રસ-લ્હાણ કરનારા પરમોપકારી ગુરુદેવ ધર્મતીર્થ પ્રભાવક, સિદ્ધાંતસંરક્ષક પૂજ્યપાદ આ.ભ.શ્રીમદ્ વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજાની એ જન્મભૂમિ હોવાથી ત્યાંના અહેવાલને અહીં વિશેષ સ્થાન અપાય એ સ્વાભાવિક છે. અરે! આ મહોત્સવને જાન આપનાર, નિર્વિઘ્ને પૂર્ણ કરાવનાર, ઘણા રેકોર્ડ બનવા પાછળ તેઓશ્રીની દિવ્યકૃપા જ કારણભૂત છે.

**દિવસ-૫**. પ્ર.જેઠ વ.૧૩+૧૪ તા.૧૨-૬-૨૦૧૮ મંગળવારઃ સવારના નિત્યક્રમ પ્રમાણે બહેનો દ્વારા મંગલકારી પ્રભાતિયાં ગવાયાં. પ્રભાતિયાંમાં રોજ અલગ - અલગ ધાર્મિક ઉપકરણ વગેરે વિશિષ્ટ પ્રભાવના અપાતી હતી. સવારે ૫.૧૫ કલાકે કુંભસ્થાપના, જવારારોપણ વગેરે વિધાનો થયાં. વિધિ વિધાન માટે માલેગાંવવાળા મનસુખભાઇ રીખવચંદભાઇ તથા તેઓના સુપુત્ર શ્રીપાળભાઇ પધાર્યા હતા. શુદ્ધ વિધાન પૂર્વક તમામ ક્રિયાઓ થતી. ૯.૧૫ કલાકે કુંભસ્થાપનાદિ વિધિનાં રહસ્યો વિષયપર માર્મિક પ્રવચન થયેલ પૂજ્યશ્રીની વિધિ-વિધાનના વિષયમાં ઊંડાણપૂર્વકની જાણકારી હોવાથી ઘણાં રહસ્યો ખોલે છે. પૂ. ગુરુદેવની કૃપાથી ઉઘાડ સારો થયો છે. પૂ. ગુરુદેવની કરેલી સેવા ફળી છે. બપોરે ૧૨-૦૦ કલાકે શ્રીનવગ્રહ-૧૦ દિક્પાલ-અષ્ટમંગળઃએમ ત્રણ પાટલા પૂજન થયેલ.બપોરે ૩.૩૦ કલાકે ગામની સાંજીનો તથા મહેંદી વિતરણનો કાર્યક્રમ પણ શાનદાર થયો. એ માટે બહેનોએ મહિનાઓ પૂર્વથી જ તૈયારી કરી હતી. વિવિધ પ્રકારનાં ભક્તિનૃત્ય વગેરે કરેલ, (માત્ર બહેનોની જ ઉપસ્થિતિ-બહેનોનો જ કાર્યક્રમ.)વિવિધમંડળો-બાલિકાઓ વગેરેએ પોતાની કળાનો રસાસ્વાદ કરાવ્યો



હતો. લગભગ ૭૦૦ ઉપર બહેનોની ઉપસ્થિતિ હતી! વિશિષ્ટ પ્રભાવના અપાઇ હતી. ત્રણે ટાઇમ સાધર્મિકવાત્સલ્ય તો ખરું જ. રાત્રે ભક્તિ-ભાવનામાં અમદાવાદથી યુવાસંગીતકાર ત્રિલોકભાઇ મોદીએ રંગ જમાવ્યો હતો. ત્રણ દિવસ ભક્તિ કરાવી રંગ રાખ્યો.

**દિવસ-૬**, પ્ર.જે.વ.૦)) તા.૧૩-૬-૨૦૧૮ બુધવારઃ નિત્યક્રમ મુજબ સવારે ૫-૩૦ કલાકે મહામંગલકારી પ્રભતિયાં થયાં. સવારે આટલાં વહેલા પણ લગભગ ૨૫૦-૩૦૦-૪૦૦ બહેનોની હાજરી રહેતી. સુંદર પ્રભાવતા અપાતી. તેના પણ લાભાર્થીઓ હતા. દિન-પ્રતિદિન સંખ્યા વધતી જતી હતી. સવારે ૯.૧૫ કલાકે 'વીસ્થાનિક અને તીર્થંકરનામકર્મ' વિષય પર પૂજ્યશ્રીનું પ્રવચન થયું. જે તે પૂજા-પૂજન હોય તે વિષયક પ્રવચન થવાથી અનુષ્ઠાનોમાં વિશેષ ભાવવદ્ધિ થતી. ભાવિકો ભક્તિમાં તરબોળ બનતા અમદાવાદથી આંગી કરવા આવેલા ભાઇઓ રોજ નવી નવી ગહુંલીઓ પણ કરતા. ત્રણે ટાઇમ વિશિષ્ટ દ્રવ્યોથી સાધર્મિક ભક્તિ થતી. તે માટે ગાદી-તકિયા-બાજોઠાદિ સાથે કાંસાના થાળી-વાટકાનો ઉપયોગ થતો હતો. બપોરે છાશ (ગરમ કરેલી) તથા શરબતની ભક્તિ પણ થતી.

બપોરે ૧૨.૧૫ કલાકે વીશસ્થાનક પૂજનનો પ્રારંભ થયો હતો. માલેગાંવવાળા મનસુખભાઇએ શુદ્ધ વિધિ-વિધાન કરાવ્યાં હતાં. રાત્રે ૯-૦૦ કલાકે ભક્તિ-ભાવના રખાઇ હતી.

**દિવસ-૭**, દ્વિતીય જે.સુ.૧ તા.૧૪-૬-૧૮ ગુરુવારઃસવારે ૫.૩૦ કલાકે બહેનોનાં મંગલ પ્રભાતિયાંથી દિવસનો પ્રારંભ થતો. પ્રભાતિયાં તમામ બહેનો ગાઇ શકે તે માટે એક બહેને એની નાની પુસ્તિકા જ છપાવી દીધી હતી. તેથી એ પ્રભાતિયાંના સૂરોથી પરિસર ચૈતન્યમય-જીવંત બની જતો હોય તેવું લાગતુ! લયબદ્ધ ગવાતાં પ્રભાતિયાં મહોત્સવનું એક બળ હતું.

સવારે ૯.૦૦ કલાકે શાસનપ્રભાવક-શાનદાર-ભવ્યાતિભવ્ય રથયાત્રા (વરઘોડો) નીકળી. ગામના રાજમાર્ગો પર એ આગળ વધતી આ રથયાત્રાને નીહાળવવા માટે હજારો અજૈનો ઊમટ્યા હતા. રસ્તામાં આવતી મટનની દુકાનો સમજૂતિથી મુસ્લિમોએ બંધ રાખી હતી. ગ્રામપંચાયતથી લઇ તમામ સંસ્થાઓ, ગામના આગેવાનો વગેરેએ ખૂબ જ સુંદર સાથ સહકાર આપ્યો હતો. પોતાનું કાર્ય સમજીને ભોગ આપ્યો હતો. રથયાત્રામાં બે બેન્ડ,શરણાઇ,ભગવાનનો રથ, ઘોડા, સુમતિનાથપ્રભુની પ્રતિકૃતિ યુકત બગી વગેરે સામગ્રી સૌનું ધ્યાન ખેંચે તેવી હતી.

બપોરે ૧૨-૦૦ કલાકે લઘુશાંતિસ્નાત્ર ભણાવાયું. તેમાં પણ માલેગામવાળા

મનસુખભાઇ તથા શ્રીપાળભાઈએ જ શુદ્ધ શાસ્ત્રીય વિધાન કરાવેલ. આ શાંતિસ્નાત્ર પટહોલમાં ભણવવામાં આવેલ. તે તે પૂજા-પૂજનવાળા વિશિષ્ટ પ્રભાવના કરતા હતા. તેમણે રંગ જમાવ્યો હતો.

**દિવસ-૮**, દ્વિ.જે.સુ.૨.તા.૧૫-૬-૧૮ શુક્રવારઃસવારે ૫.૩૦ કલાકે બહેનોએ પ્રભાતિયાંના સૂરોથી પરિસરને ભરી દીધું હતું. આજે બહેનોની સંખ્યા પણ રેકોર્ડ હતી. સવારે ૮-૦૦ કલાકે 'ધ્વજારોપણઃ એક વિશિષ્ટ પર્વ'વિષય પર અદ્દભુત પ્રવચન થયું. ૮.૩૦ કલાકે સત્તરભેદી પૂજા ભણાવવાની શરૂઆત થઈ. નવમી ધ્વજપૂજા બાદ સવારે ૧૦.૧૦ કલાકે જિનાલયના શિખર પર ૧૦૧ મી ધ્વજા લહેરાવાઈ. શ્રી સંઘની ઉન્નતિ સૂચક પૂર્વદિશામાં ધ્વજ લહેરાયો. શુકન શુભ થયા. તેનો પ્રભાવ પણ તરત જ અનુભવવા મળ્યો. ધ્વજારોપણ થયા બાદ તરત જ પૂજ્યશ્રીનું પ્રવચન થયું. પ્રવચનમાં જણાવ્યું કે-જિનાલય તો અદ્દભુત થઈ ગયું. જરૂરી જીર્ણોદ્ધાર અને પરિવર્તન પણ થઈ ગયાં. ગુરુમંદિરની દિશા પરિવર્તન વગેરે થવાથી સંપૂર્ણ પરિસરનો દેદાર બદલાઈ ગયો છે. વાસ્તવિક તીર્થભૂમિનો આભાસ થાય છે. તીર્થભૂમિ જેવાં સ્પંદનો પણ મળે છે. ભાવ પણ જાગે છે. એમાં શ્રીસુમતિનાથ ભગવાન વગેરે ભગવંતો અને પૂ.મસૂરરત્ન, મહારાષ્ટ્ર દીપક પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય મિત્રાનંદ-સૂરીશ્વરજી મહારાજાનું માત્ર મૂર્તિ સ્વરૂપે જ નહિ, જાણે સાક્ષાત્ સાંનિધ્ય હોય એવી અનુભૂતિ થાય છે. તેના જ પ્રભાવે-પ્રતાપે ૧૦૦દિવસીય વિશિષ્ટ અનુષ્ઠાનો સાથે થયેલાં પરિવર્તનો, નિર્માણ, અંજન-પ્રતિષ્ઠાનો ભવ્ય પ્રસંગ અને શતાબ્દીનો શાહી મહોત્સવ વગેરે અપૂર્વ અલૌકિક, અવિસ્મરણીય અને વિશિષ્ટ પ્રભાવશાળી તથા નાના મસૂર ગામને રોશન કરનારાં થયાં. ન ભૂતો ન ભવિષ્યતિ કહી શકાય એવા અકલ્પનીય કાર્યો થયાં. ચારે બાજુ અનુમોદના ને પ્રશંસાનાં ગીતો ગવાયાં.

પ્રવચનમાં પૂજ્યશ્રીએ આ તીર્થના નિભાવ માટે કાયમી સાધારણ તિથિની પ્રેરણા કરતાં જણાવ્યું કે- રોજ જ લાભ મળે તે માટે ૩૬૦ તિથિથી શરૂઆત થાય તો સારું, ભગવાન પર,જિનાલય પર, ગુરુદેવ પર ભક્તિ-ભાવ ધરાવનારા અને શક્તિસંપન્ન ભાવિકો આગળ આવે તો સુંદર કાર્ય થાય. (રૂ.૧૦૦૦ની એક તિથિ રાખવામાં આવી હતી.) તરત જ આ વાતને સંગીતકાર વિનીતભાઇ ગેમાવતે ઉપાડી લીધી. બંનેની પ્રેરણાના ફળ સ્વરૂપે ૩૬૦ તિથિ લખાવવાવાળા ૧-૨ નહિ, ૬-૬ પુણ્યાત્માઓ નીકળ્યા, થોડી જ મિનિટોમાં લગભગ ૪૨૦૦ તિથિ નોંધાઈ ગઈ !! નાના ૫૦ ઘરના સંઘમાં એક વિશિષ્ટ રેકોર્ડ ઊભો થઈ ગયો. (ક્રમશઃ)

**પૂના-ટીંબર માર્કેટઃ**



પૂ.આ.ભ.શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ ઠા.૨,પૂ.સા.શ્રી ભદ્રિકાશ્રીજી મ.આદિ ઠા.૪,પૂ.સા.શ્રી ભવ્યરત્નાશ્રીજી મ.આદિ ઠા.૧૮ તથા પૂ.સા.શ્રી હિતપૂર્ણશ્રીજી મ.આદિ ઠા.૪ના ચોમાસામાં ખૂબ સુંદર પ્રવચન,વાચના, પાઠ વગેરે ચાલે છે. પર્વાધિરાજની આરાધના વિશિષ્ટ રીતે સંપન્ન થયા બાદ વરઘોડો (રથયાત્રા)સંઘની ચૈત્યપરિવારી, પાઠશાળાની ચૈત્યપરિપાટી,(બંને ચૈત્યપરિપાટી બાદ નવકારશી) તથા પૂ. વય-પર્યાય સ્થવિરા,પ્રવર્તિની(ઉ.વ.૧૧૬,દીક્ષા પર્યાય ૮૮ વર્ષ ) સાધ્વીજીશ્રી હેમશ્રીજી મ.ના સિદ્ધગિરિની છત્રછાયામાં થયેલ સમાધિપૂર્ણ સ્વર્ગવાસ તથા સુદીર્ઘ સંયમ પર્યાયની અનુમોદનાર્થે અને સંઘમાં થયેલ તપશ્ચર્યાદિ આરાધના નિમિત્તે પંચાહ્નિકા મહોત્સવ ઉજવાયો. તેમાં પ્રથમ દિવસે (વિ.સ.૨૦૭૪,આ.સુ.૩ તા.૧૧-૧૦-૧૮ ગુરુવાર) સમૂહમાં થયેલ અદુઃખદર્શીતયના તપસ્વીઓ તરફથી ઉજમણા સ્વરૂપે શ્રીપાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા ભણાવાઈ. પાંચે દિવસ વિધિ-વિધાન તથા સંગીતકાર તરીકે મસૂર નિવાસી (હાલ પૂના) અભયભાઈ-આશિષભાઇ (બંધુ બેલડી) પધારેલ, રોજ પૂજા-પૂજનોમાં પૂજ્યશ્રી સંવેદના કરાવતા ભાવિકો એમાં એકાકાર બની જતા. આવી સંવેદનાઓ લખી આપવાની માગણી અનેક ભાવિકા કરે છે. (ક્રમશઃ) ધ



## શ્રીમિત્ર - આનંદ દેવવંદનમાળા સંપુટ

**(ચોથી આવૃત્તિ)**

મોટા અક્ષરવાળી, શુદ્ધ - સ્વચ્છ પ્રિન્ટીંગ ધરાવતી છ દેવવંદન (દિવાળી વિશેષ મોટા અક્ષર, જ્ઞાનપંચમી, ચૌમાસી, મૌનએકાદશી, ચૈત્રી પૂનમ અને ગણધર દેવવંદન આ છ પુસ્તકોનો સેટ ) ની અલગ - અલગ લઘુપુસ્તિકા ધરાવતો સેટ , કે જેની ત્રણ આવૃતી મળી પાંચહજાર નકલ પૂરી થઈ જવાથી અને માગ ઘણી હોવાથી ચોથી આવૃત્તિ (સેટ ૨૦૦૦) બહાર પડી ગઈ છે. એક સેટના રૂ. ૧૨૫ કિંમત છે. પૂજ્ય સાધુ સાધ્વીજીઓને ભેટ આપવામાં આવે છે. ચશ્મા વગર આરામથી વંચાય તેવા મોટા અક્ષરમાં છપાવેલ છે.

**મેળવવા માટે સંપર્ક :** જ્યોતીન્દ્રભાઈ ૯૮૨૪૨ ૫૨૯૭૮, જિજ્ઞેશભાઈ ૯૪૨૬૦, તથા હિતેષભાઈ ૯૪૨૯૦ ૨૨૦૨૨ પર સંપર્ક કરીને માહિતી મેળવી શકાશે. પ્રભાવના માટે પણ સુંદર આઈટમ છે. સઘોમાં, વિશિષ્ટ પ્રસંગોમાં પ્રભાવના કરી શકાય છે. આજે જ સંપર્ક કરો.

# ધનના અર્થી : ધર્મના અર્થી

**धनार्थिनां यथा नास्ति, शीततापादि - दुःसहम् ।**

**तथा भवविरक्तानां, तत्त्वज्ञानार्थिनामपि ।।**

જે રીતે ધન મેળવવાની ભાવનાવાળા જીવોને ઠંડી-ગરમી વગેરે દુઃસહ લાગતાં નથી, તે જ રીતે તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ કરવાની ભાવનાવાળા વિરાગી જીવોને પણ દુઃસહ લાગતાં નથી (પરંતુ બંનેનાં ધ્યેયમાં ઘણો તફાવત છે.)

-જ્ઞાનસાર